# જાહેર જનતા માટે  માનવ ટિશ્યુ (કોશપેશી) સત્તામંડળ આચરણ આચારસંહિતા (Human Tissue Authority Code of Practice) F માર્ગદર્શિકા: પ્રત્યારોપણ માટે ઘન અંગો અને ટિશ્યુનું દાન (ભાગ ૨: મૃત અંગ અને ટિશ્યુનું દાન)

આ માર્ગદર્શિકા શરીરનાં અંગ અને ટિશ્યુના દાન અંગેનાં અમારા નિયમન અનુસાર 'તમને' સંભવિત દાતા તરીકે કે જેને તમારાં મૃત્યુ પછી તમારાં અંગ અને ટિશ્યુનો દાન કરવામાં રસ હોય તેને સંબોધીને લખવામાં આવેલ છે. આ HTA નાં કોડ ઓફ પ્રૅક્ટિસ F (ભાગ બે) મૃત અંગ અને ટિશ્યુ દાન પર આધારિત છે, જે અંગ દાન અને પ્રત્યારોપણ ક્ષેત્રમાં કાર્યશીલ નિષ્ણાતો પ્રતિ અનુલક્ષિત છે:

ભાગ બે ની નવી આવૃતિ 2020 માં અદ્યતન કરવામાં આવેલ હતી, જેમાં મૃત અંગ અને ટિશ્યુનાં દાન માટે ઇંગ્લેન્ડમાં રજૂ કરેલ એક નવી પ્રણાલી પ્રતિબિંબિત (જેને સામાન્ય રીતે "ભાગ ન લેવાની પસંદગી" કે "અનુમતિ છે તેમ આપોઆપ ગણવું" એ પદ્ધતિ તરીકે સંબોધવામાં આવે છે) કરવી હતી.

વેલ્સે 2015 થી મૃત અંગ અને ટિશ્યુ દાન માટે માનેલ સંમતિ પ્રણાલી હેઠળ સંચાલન કરેલ છે.

ઉત્તર આયરલેન્ડમાં માનેલ સંમતિ પ્રણાલી લાગુ પડતી નથી; સંભવિત દાતાએ હંમેશા તેના મૃત્યુ પહેલા તેની અનુમતિ સ્પષ્ટ રીતે દર્શાવવાની હોય છે, અથવા કોઈ એક નિમેલ પ્રતિનિધિ અથવા કોઈ વ્યક્તિ, જે તેના મૃત્યુ પછી તે માટે યોગ્ય સંબંધ ધરાવતી હોય, તેને આપવાની હોય છે (જુઓ નીચે પરિશિષ્ટ A ) .

સ્કોટલેન્ડમાં HTA ની મૃત અંગ અને ટિશ્યુનાં દાનનાં નિયમન અંગે કોઈ ભૂમિકા નથી.  સ્કોટલેન્ડ માં અંગ અને ટિશ્યુનાં દાન વિષે વધારે માહિતી તમે અહીં વાંચી શકો છો.

## આ માર્ગદર્શિકામાં સમાવિષ્ટ નથી

- દેહ દાન
- સંશોધન માટે અંગ અને ટિશ્યુનું દાન

# સામાન્ય રીતે વાપરવામાં આવેલ પારિભાષિક શબ્દો

## અંગો

જ્યારે અમે અંગ, અથવા અંગો, એ શબ્દનો ઉપયોગ કરીએ, ત્યારે આ માર્ગદર્શિકામાં તે ખાસ કોઈ એક આખા ઘન અંગ, કે અંગો, ને સંબોધે છે, જેમાં સમાવિષ્ટ છે:

- મૂત્રપિંડ
- યકૃત
- હૃદય
- સ્વાદુપિંડ
- ફેફસાં

આ અનુસંધાનમાં અંગ શું છે તેની સામાન્ય વ્યાખ્યા છે એ કે તે શરીરનો એક ભાગ છે જે કોઈ એક ખાસ જૈવિક પ્રવૃત્તિનાં હેતુ માટે છે.

## ટિશ્યુ

જ્યારે અમે ટિશ્યુ એ શબ્દનો ઉપયોગ કરીએ, ત્યારે તે માનવ શરીરનાં અન્ય વિવિધ ભાગ/ભાગો, કે જે કોષોનાં બનેલા હોય જે આખા ઘન અંગો ન હોય, તેને સંબોધે છે,

## અંગો અને ટિશ્યુ

જ્યારે અમે "અંગો અને ટિશ્યુ" ને સંબોધીએ, ત્યારે તે એ સ્પષ્ટ કરવા માટે કે તેમાં તે બંને એક સાથે હોય.

## માનેલ સંમતિ

ઇંગ્લેન્ડ અને વેલ્સમાં, 18 કે તેથી વધારે ઊંમર વાળી વ્યક્તિઓને મૃત્યુ બાદ સંભવિત અંગ અને ટિશ્યુ દાતા તરીકે ગણવામાં આવે, સિવાય કે તેઓ એવો નિર્ણય લે કે તેઓ દાતા થવા નથી માંગતા. એ પણ શક્ય છે કે મૃત્યુ પછી તમારાં વતી આ નિર્ણય લેવા માટે એક પ્રતિનિધિ ને નીમી શકાય.

આ લાગુ ન પડે જો તમે "બાકાત કરેલ પુખ્ત વ્યક્તિ" હોવ (વધુ માહિતી માટે નીચે જુઓ વધુ માહિતી અને સાધન-સામગ્રી ).

## HTA ની ભૂમિકા

HTA અંગો, ટિશ્યુ અને કોષો (પ્રજનન કોષો સિવાયના) નાં દાન અંગે નિયમન કરે છે, અને કાયદા વિષે સલાહ તથા માર્ગદર્શન આપે છે.

ઇંગ્લેન્ડ અને વેલ્સમાં મૃત્યુ બાદ અંગ અને ટિશ્યુના દાન માટે અનુમતિ છે તેમ માનેલ સંમતિની પદ્ધતિ કાર્યશીલ છે.  આની જીવંત અંગ દાન અંગેનાં HTA નાં નિયમન પર કોઈ અસર નથી.

# ભાગ 2 - અંગો અને ટિશ્યુનું મૃત્યુ પછી દાન

આ જાહેર જનતા માર્ગદર્શિકા **ફક્ત** ઇંગ્લેન્ડ અને વેલ્સ માં મૃત્યુ પછી અંગો અને ટિશ્યુનાં દાન સંબંધિત છે.

ઇંગ્લેન્ડમાં મે 2020 માં મૃત્યુ પછી અંગ અને ટિશ્યુનાં દાન માટેની અનુમતિ અંગેની આવશ્યક શરતો બદલાઈ, જે "ભાગ ન લેવાની પસંદગી" પદ્ધતિ તરીકે સામાન્ય રીતે ઓળખાય છે. વેલ્સમાં આ પદ્ધતિ 2015 થી ચાલુ છે.

એનો અર્થ એ થાય કે જો અંગ અને ટિશ્યુનાં દાન માટેની અનુમતિમાં ભાગ લેવો કે ભાગ ન લેવો તે વિષેનાં નિર્ણય વિષે કોઈ નોંધણી ન થયેલ હોય, અને કોઈ નિર્ણય વિષે જાણ ન હોય, તો અનુમતિ છે તેમ ગણવામાં આવી શકે છે (એટલે કે, તે વ્યક્તિ દાન કરવા સંમત હોત એમ ગણી શકાય). અમુક સંજોગોમાં મૃત્યુ બાદ અંગો અને ટિશ્યુનો ઉપયોગ પ્રત્યારોપણ માટે થઈ શકે. જે વ્યક્તિનું અવસાન થયેલ હોય તેના કુટુંબીજનો તથા ખાસ મિત્રો સાથે હંમેશા વાત કરવામાં આવે છે (એ કોણ હોઈ શકે તે વિષે માહિતી માટે કૃપા કરી નીચે જુઓ **પરિશિષ્ટ A – યોગ્ય સંબંધો** )




## અંગ અને ટિશ્યુ દાન કરવાની પસંદગી

HTA કાયદાકીય રીતે અનુમતિ શેને ગણવામાં આવે છે તે વિષે માર્ગદર્શન આપવા માટે જવાબદાર છે.

કાયદાકીય રીતે અંગ અને ટિશ્યુનું દાન થવા દેવાની પરવાનગી માટે અનુમતિ હોવી જોઈએ, પરંતુ તેનો અર્થ એમ નહીં કે જો સંમતિ હોય તો દાન થવું જ જોઈએ. આ એક તબીબી નિર્ણય છે જેમાં તમારુ કુટુંબ ખાસ અગત્યની ભૂમિકા ભજવે છે.

તમારાં જીવન દરમિયાન તમે દાન કરવા વિષે જુદી જુદી રીતે અનુમતિ આપી શકો છો:

- તેમ કરવા માટેની સૌથી સામાન્ય રીત છે કે તે વિષેનાં તમારાં નિર્ણયની તમે Organ Donor Register (અંગ દાન રજીસ્ટર) (ODR) માં નોંધણી કરાવો, જેનું સંચાલન NHS રક્ત અને ટ્રાન્સપ્લાન્ટ (Blood and Transplant) (NHSBT) કરે છે. તે અંગ અને ટિશ્યુ નું દાન શક્ય હોય તેવા દરેક કિસ્સામાં ચેક કરવામાં આવે છે.
- તમારાં નિર્ણય વિષે તમારાં કુટુંબીજન અને મિત્રો સાથે પરામર્શ કરો.
- તમારાં નિર્ણયની નોંધણીની માહિતી વિષે તમે ODR માં NHS App દ્વારા જાણી શકો છો.
- તમારાં મૃત્યુ બાદ તમારાં વતી નિર્ણય લેવા માટે તમે એક પ્રતિનિધીને નીમી શકો છો (વધારે માહિતી માટે અહીં વાંચો)

તમારી અનુમતિ તમે ગમે ત્યારે પાછી ખેંચી શકો છો. **કૃપા કરી નોંધ કરો -** કે સંશોધન જેવા હેતુઓ માટે માનેલ સંમતિ છે તેમ ગણી શકાય નહીં; માનેલ સંમતિ ગણવામાં આવનાર કિસ્સામાં તે સમાવિષ્ટ નથી. સંમતિ હંમેશા જ સ્પષ્ટ રીતે મેળવવામાં આવશે.

## મારી સંમતિ હેઠળ શું આવરી લેવામાં આવશે?

તમે તમારાં મૃત્યુ પછી તમારાં બધા અંગો અને ટિશ્યુના દાન માટે દાન કરવાની સંમતિ આપી શકો છો, અથવા તો અમુક ખાસ અંગો અને ટિશ્યુના દાન માટે તમે વિગતવાર સંમતિ આપી શકો છો.

તમે અમુક પ્રકારની વ્યક્તિ માટે જ દાન કરવા ઇચ્છો છો તેવી ખાસ શરત ન કરી શકો. ક્યારેક સંમતિ હોવા છતાં પણ દાન આપવુ શક્ય ન હોય. આવા કિસ્સાના ઘણા કારણો હોઈ શકે છે.




### અંગ અને ટિશ્યુ દાન ન કરવાનું પસંદ કરવું

તમારાં જીવન દરમિયાન તમે દાન ન કરવાનો વિકલ્પ ઘણી રીતે પસંદ શકો છો.

- તેમ કરવા માટેની સૌથી સામાન્ય રીત છે કે તે વિષેનાં તમારાં નિર્ણયની તમે Organ Donor Register (અંગ દાન રજીસ્ટર) (ODR) માં નોંધણી કરાવો, જેનું સંચાલન NHS રક્ત અને ટ્રાન્સપ્લાન્ટ (Blood and Transplant) (NHSBT) કરે છે. તે અંગ અને ટિશ્યુ નું દાન શક્ય હોય તેવા દરેક કિસ્સામાં ચેક કરવામાં આવે છે.

- તમારાં નિર્ણય વિષે તમારાં કુટુંબીજન અને મિત્રો સાથે પરામર્શ કરો.

- તમારાં નિર્ણયની નોંધણીની માહિતી વિષે તમે ODR માં NHS App દ્વારા જાણી શકો છો.

- તમારાં મૃત્યુ બાદ તમારાં વતી નિર્ણય લેવા માટે તમે એક પ્રતિનિધીને નીમી શકો છો (વધારે માહિતી માટે અહીં વાંચો)

જો તમે એ બાબતની જાણ કરો કે તમે અંગ અને ટિશ્યુના દાનની સંમતિ નથી આપતા, તો દાન ન થઈ શકે.

## વધારે માહિતી અને સાધન-સામગ્રી

### માનેલ સંમતિમાં ન આવરી લેવાતા અંગો

અમુક અંગો અને ટિશ્યુ માટે સંમતિ છે તેમ ગણી લેવામાં ન આવે અને તેના માટે ખાસ સ્પષ્ટ રીતે સંમતિ મેળવવી આવશ્યક હોય. જે અંગો અને ટિશ્યુ માટે સ્પષ્ટ રીતે ખાસ સંમતિ મેળવવી આવશ્યક હોય તેની યાદી તમે HTA ની વેબસાઇટ પર અહીં જોઈ શકો છો.

## બાકાત જૂથો (વ્યક્તિઓ કે જેની સંમતિ તે ઇંગ્લેન્ડ અથવા વેલ્સમાં માની ના લેવામાં આવી શકે).

નીચેના સંજોગોમાં સંમતિ છે તેમ ગણી લેવામાં ના આવી શકે:

- જે વ્યક્તિનું અવસાન થયેલ હોય તે એક 18 વર્ષથી નીચેની ઊમરનું બાળક હોય.
- જે વ્યક્તિનું અવસાન થયેલ હોય તે પુખ્ત વયની હોય જે અવસાન પહેલાનાં ઓછામાં ઓછા 12 મહિનાનાં પ્રવર્તમાન સમયગાળા દરમિયાન **સામાન્ય રીતે રહેવાસી ન હોય**, અથવા;
- જે વ્યક્તિનું અવસાન થયેલ હોય તે પુખ્ત વયની હોય જેને તેના અવસાન અગાઉનાં એક અગત્યનાં સમયગાળા દરમિયાન માનેલ સંમતિ ગણી લેવામાં આવશે તેનાં અર્થઘટન સમજવા માટેની **ક્ષમતા ન હોય**.

## આસ્થા અને શ્રદ્ધા

કોઈ પણ દાન થાય તે પહેલા તમારાં કુટુંબ સાથે ચર્ચાઓ થશે – જો તમે અંગ અને ટિશ્યુનું દાન કરવામાં આવે તે જાતનો નિર્ણય નોંધાવેલ હોય તો પણ.

તે ચર્ચાઓમાં તમારી આસ્થા અને શ્રદ્ધાઓનો ખ્યાલ રાખવામાં આવશે, પછી ભલે તે સાંસ્કૃતિક, આધ્યાત્મિક, ધાર્મિક કે અધાર્મિક હોય. હોસ્પિટલોમાં આસ્થા સંબંધી કેળવણી મેળવેલ સહયોજકો પણ હોય, વિવિધ ધર્મ સંકલિત ધર્મગુરૂઓની સેવા હોય, કે અધિકૃત બિન-ધાર્મિક પાદરી સેવા આપનાર હોય, જે કુટુંબોને આધાર આપે.

જો તમે ODR પર તમારાં નિર્ણયની નોંધણી કરાવો, તો તમે તે વિનંતી કરી શકો છો કે તમારાં કુટુંબીજનો સાથે તે વિષે વાત કરવામાં આવે કે અંગો અને ટિશ્યુનું દાન તમારાં આસ્થા કે શ્રદ્ધાઓ અનુસાર આગળ વધે.

અંગ અને ટિશ્યુનાં દાન સંબંધિત ધાર્મિક આસ્થા અને શ્રદ્ધા વિષે વધારે માહિતી NHS BT નાં વેબસાઇટ પર અહીં મળશે: https://www.organdonation.nhs.uk/helping-you-to-decide/your-faith-and-beliefs/.

# પરિશિષ્ટ A – લાયકાતી સંબંધો

The Human Tissue Act 2004 (માનવ ટિશ્યુ અધિનિયમ 2004)માં 'લાયકાતી' સંબંધો ની યાદી આપેલ છે, જેમાં તે અગત્યતાનાં ક્રમસર દર્શાવેલ છે.

તે યાદી નીચે પ્રમાણે છે:

1. પતિ-પત્ની અથવા જીવનસાથી (નાગરિક કાયદા પ્રમાણેનાં અથવા સમજાતીય જીવનસાથી સહિત)
2. માબાપ અથવા સંતાન
3. ભાઈ કે બહેન
4. દાદા-દાદી અથવા પૌત્ર-પૌત્રી
5. ભત્રીજી-ભાણી અથવા ભત્રીજો-ભાણીયો
6. ઓરમાન પિતા અથવા ઓરમાન માતા
7. ઓરમાન ભાઈ અથવા ઓરમાન બહેન
8. લાંબા ગાળાના મિત્ર

આ હેતુઓ માટે એક વ્યક્તિને જીવનસાથી ગણવામાં આવે છે, જો જીવનસાથી તરીકેનાં કાયમી કૌટુંબિક સંબંધ સાથે તેઓ રહેતા હોય.